# ‘GST’ ને લગતી મૂંઝવણો દૂર કરવા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વર્કશોપ

કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ‘GST’ (Goods And Service Tax) લાગું કર્યા બાદ તેને લઈને વેપારીઓ અને ગ્રાહકોમાં પૂરતી માહિતીનાં અભાવને કારણે ઘણાં પ્રશ્નોએ લોકોને મૂંઝવણમાં મૂકી દીધાં છે. શિક્ષણનાં માધ્યમથી ‘GST’ ને લગતી મૂંઝવણો દૂર કરવા અને લોકોમાં ‘GST’ અંગે જાગૃતિ લાવવા માટે તારીખ ૯/૮/૨૦૧૭ ના રોજ હાજી ડી.વી.અઘારીયા જાફરી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ સિદ્ધિબેન અગ્રવાલની પહેલથી વિદ્યાર્થીઓ માટે ‘GST’ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં જોડાવવા માટે વિદ્યાર્થીઓએ સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. ૧૧:૦૦ થી ૧૧:૩૦ દરમિયાન આર્ટસ એન્ડ કોમર્સના લગભગ ૮૦ જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. વિદ્યાર્થીઓને ‘GST’ અંગે પૂરતી માહિતી મળી રહે તે માટે એક્ષ્પર્ટ તરીકે શ્રીમાન વિધ્વાન અગ્રવાલ (Relianceના લીગલ મેનેજર) ને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. પ્રિન્સીપાલ સિદ્ધિબેન અગ્રવાલ સાહેબનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વિધ્વાન અગ્રવાલ સાહેબે પ્રેઝન્ટેશન દ્વારા માહિતી આપી હતી. તેમણે પોતાનાં લેકચરની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે, કેનેડા અને બ્રાઝિલ પછી આપણો દેશ ભારત ત્રીજો એવો દેશ છે જ્યાં ‘GST’ લાગું કરવામાં આવ્યો છે. ભારત સરકારે ૧૧ વર્ષ વિચારણા કર્યા બાદ બધા રાજ્યો પાસેથી મંતવ્યો મંગાવ્યા બાદ ‘GST’ લાગું કરવાનો નિર્ણય લીધો છે. પહેલાં નાગરિકો પાસેથી direct અને indirect tax લેવામાં આવતાં હતાં. પરંતુ ‘GST’ નો હેતુ ‘One Nation One tax’નો છે તેથી દરેકને આ અંગે માહિતી મેળવવી જરૂરી છે.

તેમણે ‘GST’ને લગતી મુંઝવણો દૂર કરતાં જણાવ્યું હતું કે, ‘GST’ ની ટકાવારીમાં કેન્દ્ર અને રાજ્ય એમ બંને સરકારોનો ભાગ રહેશે. ૫૦-૫૦ કર બંને સરકારો પાસે જમા થશે. જેમકે, કોઈ માલ-સામાન કે સેવા પર જો સરકારે ૧૮% ‘GST’ લાગું કર્યો હોય તો ૯% CGST એટલે કે કેન્દ્ર સરકારનો હિસ્સો અને ૯% SGST એટલે કે રાજ્ય સરકારનો હિસ્સો એમ ઉપભોક્તાને જણાવવું પડશે. જેથી કરીને ભ્રષ્ટાચાર અને કરચોરી નાબૂદ કરી શકાય. પ્રેઝન્ટેશન દ્વારા શ્રી વિધ્વાન અગ્રવાલે ‘GST’ ની ઓનલાઈન પ્રક્રિયા સમજાવી હતી. તેમણે વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું કે, ૩ દિવસમાં ‘GST’ રજીસ્ટ્રેશન નંબર મેળવવો કેટલો સહેલો છે. આ તમામ

પ્રક્રિયા તમે Online ઘરે-બેઠાં કરી શકો છો. તેમણે ‘GST’ ના ફાયદા વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાવ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, ‘GST’ પ્રક્રિયા પર નિયમન રાખવા માટે ‘GST Council’ કઈ-રીતે કાર્ય કરે છે.

આમ, ‘GST’ ને લગતી તમામ માહિતી આપવાનો શ્રી વિધ્વાન અગ્રવાલે પ્રયાસ કાર્યો હતો. આ વર્કશોપને વિદ્યાર્થીઓનો પણ સારો પ્રતિસાદ મળ્યો હતો. અંતમાં, વિદ્યાર્થીઓએ ‘GST’ ને લગતાં પ્રશ્નો પણ એક્ષપર્ટ સમક્ષ રજૂ કર્યા હતાં અને વિધ્વાન અગ્રવાલે પણ વિદ્યાર્થીઓને સંતોષપૂર્વક જવાબો આપ્યાં હતાં. છેલ્લે કોલેજનાં કોમર્સ વિભાગનાં આસિ. પ્રોફેસર જનાબ નજરમોહંમદ નાગલપરાએ એક્ષપર્ટ વિધ્વાન અગ્રવાલનો પોતાનો કિંમતી સમય ફાળવવા બદલ કોલેજ પરિવાર વતી આભાર વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓને આ વર્કશોપમાં ભાગ લેવા બદલ સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતાં.

સંકલન: મોહસીનાબાનું આઈ.બુખારી